# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

**વિષયઃ- શૈક્ષણિક વર્ષઃ૨૦૧૯-૨૦નાં ત્રીજા તથા પાંચમાં સેમેસ્ટરમાં કોલેજ ટ્રાન્સફર કરી પ્રવેશ મેળવવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ-બહેનોને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કોલેજ ટ્રાન્સફર બાબતે માનનીય કુલપતિશ્રીનાં આદેશ અનુસાર કોલેજ ટ્રાન્સફર પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ તા.૨૭/૦૬/૨૦૧૯ સુધીમાં કોલેજ ટ્રાન્સફર કરવા અંગે જે-તે કોલેજમાં અરજી કરી યુનિવર્સિટીની મંજુરી મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ ટ્રાન્સફર ફોર્મ સાથે ટ્રાન્સફર સર્ટીફીકેટ (T.C.) અને અગાઉની દરેક માર્કશીટની નકલ (ALL PREVIOUS EXAM MARKSHEET) જોડવાની રહેશે. નિયત સમય-મર્યાદા બાદ આવેલ અરજી માટે વિદ્યાર્થી દીઠ રૂ.૫૦૦/- દંડાત્મક ફી લેવામાં આવશે જેની નોંધ લેવી. દંડાત્મક ફી સાથે તા.૦૪/૦૭/૨૦૧૯ અંતિમ તારીખ સુધી જ કોલેજ ટ્રાન્સફરની અરજી સ્વીકારવામાં આવશે ત્યારબાદ કોલેજ ટ્રાન્સફર માટે આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી જેની સર્વ સંબંધિતોએ નોંધ લેવી. સ્ટુડન્ટ ટ્રાન્સફર ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ www.bknmu.edu.in ઉપર મુકવામાં આવેલ છે.

**નોંધઃ-(૧) કોલેજમાં સંબંધિત વિષય ચલાવવામાં આવતા હોય તોજ ટ્રાન્સફર અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે.**

**(૨) સદરહું ટ્રાન્સફર અંગેની અરજી વિદ્યાર્થીઓ સાથે મોકલવી નહી અને કોલેજ દ્વારા જ પોતાના લેટરપેડ ઉપર સંપૂર્ણ વિગત સાથે જ મોકલવાની રહેશે.**

**(૩) દરેક કોલેજ/સંસ્થાએ જે-તે વર્ષની ઇન્ટેકની મર્યાદામાં જ ટ્રાન્સફર વિદ્યાર્થી સ્વીકારવા. ઇન્ટેકથી વધું વિદ્યાર્થી ટ્રાન્સફર માન્ય રહેશે નહી. જેની સર્વે સંસ્થાઓએ નોંધ લેવી.**

**ખાસ નોંધઃ-**

- સેમેસ્ટર-૫ માં કોલેજ ટ્રાન્સફરથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, સેમેસ્ટર-૧ થી ૪ની પરીક્ષા પાસ કરેલ હશે તો જ સેમેસ્ટર-૫ માં અન્ય કોલેજમાં પ્રવેશ મળી શકશે. જેની તમામ કોલેજ/સંસ્થા તથા વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

**જરૂરી સૂચનાઓઃ**

(૧) આ પરિપત્ર દરેક કોલેજે પોતાના નોટીસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓનાં ધ્યાનમાં આવે તે રીતે મુકવાનો રહેશે.

(૨) કોલેજ ટ્રાન્સફર માટે કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી કોઇપણ પ્રકારની 'ફી' વસુલવાની રહેશે. નહી.

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં કોલેજ ટ્રાન્સફર કરવા ઇચ્છુક વિદ્યાર્થીએ N.O.C. (નો-ઓબ્જેકશન સર્ટીફિકેટ) મેળવવાંનું રહેશે નહી. કોલેજ દ્વારા તેની માંગણી કરવી નહી.

(૪) યુનિવર્સિટીની મંજુરી વગર કોલેજ ટ્રાન્સફર માન્ય રહેશે નહી.

**નોંધઃ- તા.૦૪/૦૭/૨૦૧૯ પછી આવેલ અરજીઓ સ્વિકારવામાં આવશે નહી. જેની નોંધ લેવી.**

ઇ.ચા.રજીસ્ટ્રાર

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૬૨/૨૦૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૭/૦૬/૨૦૧૯

**નકલ રવાનાઃ-**

(૧) માન.કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીનાં અંગત મદદનીશ.

(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.